

## સુપ્રભાતમ્
સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

કોર્ટના રાજકારણ સાથે સંબંધ ગંધાયા છે,
કૂદે છે સત્તાની દોરીથી, બઠતીથી બંધાયા છે.
રંધાયા છે ચૂકાદા ઉતાવળમાં કાચા ને કાચા -
છે આપસી કૂટ, સંબંધ માંડ માંડ સંધાયા છે.

હાઈકુ

બને છે હાથો,
સત્તા ની ખૂરશી નો -
ન્યાયની પીઠ !?

રાખે હાથમાં -
નેતા ન્યાયની ચોટી,
કરાવે ધાર્યું...?!

### ચિંતન

*અસંભવં હેમમૃગસ્થ જન્મ તથપિ રામો લુલુભે મૃગાય ।*
*પ્રાયઃ સમાપન્ન વિપત્તિકાલે ધિયોડપિ પુંસા મલિની ભવનિત ॥*

ઉપરોક્ય શ્લોક અધ્યાત્મકરહસ્યમાંથી લેવામાં આવેલ છે.

સુવર્ણમૃગનો જન્મ જ અસંભવ છે, એ જાણવા છતાં રામ મૃગ તરફ લોભાયા, મોટે ભાગે વિપત્તિકાળ આવ્યો હોય ત્યારે પુરુષોની બુદ્ધિ પણ મલિન થઈ જાય છે.

જીવનમાં જ્યારે વિપત્તિ મુશ્કેલી આવનાર હોય ત્યારે બુદ્ધિશાળીની બુદ્ધિ પણ બહેર મારી જાય છે. રામ જેવા ભગવાન જાણતા જ હતા કે સોનેરી ચામડી વાળું મૃગ જન્મવું અશક્ય છે છતાં પણ પત્નીના કહેવાથી મૃગ પાછળ દોડ્યા અને ‘રામાયણ’ થયું.

(જો કે ભગવાને ‘આદર્શ’ પુરુષોત્તમનું પાત્રાલેખન જીવવાનું હતું તેથી આંખ આડા કાન કર્યા હતા.)

### સુવિચાર

- જીન્હેં શક હે વો કરે ઔર ખુદાઓં કી તલાશ, હમ તો ઈન્સાન કો દુનિયા કા ખુદા કહેતે હૈ - **ઈકબાલ**
- ખાનદાની અને સંસ્કારના કયાંય સમારંભ ના થાય,
  એ તો આપોઆપ જ રોશન થાય - **એસ. ભટ્ટાચાર્ય**
- ક્રોધ પ્રેમ જન્ય પવિત્રતાને અને કોમળતાને રફેદફે કરે છે - **જનકલ્યાણ**
- કોઈ પણ વિપત્તિમાં પણ જે સદ્ગુણ નો ત્યાગ ન કરે, તે સમત્વ ને પ્રાપ્ત કરી શકે છે - **દાન વાઘેલા**
- મન ને બળવાન રાખવા માટે હંમેશા બળવાન વિચારોથી તેને ઓતપ્રોત કરવું વધુ જરૂરી છે - **જીવનવિજ્ઞાન**
- કલ્પના અને વાસ્તવિકતા એ એક છેડે ભેગી થાય એ જ ‘સંઘર્ષ’નું પરિણામ - **જય વસાવડા**
- આજનું ઔષધ : હીમોગ્લોબીન વધારવા માટે રોજ એક સો ગ્રામ બીટ તથા તેટલો જ ગાજરનો રસ મેળવી પીવાથી વધે છે **(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

પંડિત મદનમોહન માલવીયાજી કાશી હિન્દુ વિશ્વ વિદ્યાલયના સ્થાપક. તેમના વિદ્યાલયના તોફાની વિદ્યાર્થીએ ગંગામાં એક નાવિકની નૌકાને નુકશાન પહોંચાડ્યું. નાવિકની રોજીરોટી પર લાત વાગી એટલે તે ગુસ્સામાં ગાળો બોલતો બોલતો પંડિતના ઘરતરફ ચાલ્યો.

પંડિતજીના ઘરે એ સાંજે દેશના અગ્રણીઓની એક મહત્ત્વની બેઠક ચાલી રહી હતી. નાવિકનો અવાજ કાને પડતા પંડિતજી ખુદ કંપાઉન્જમાં પેલા ને મળવા પહોંચી ગયા. પેલો આગળ કંઈ બોલે તે પહેલાં જ પંડિતજીએ કહ્યું, ‘ભાઈ, તમે ખૂબ ગુસ્સામાં છો, તો મારાથી આપનું એવું તો શું બૂરું થઈ ગયું છે. મને ક્ષમા કરો અને મારી ભૂલ થઈ હોય તો મને સજા કરો.’

નાવિકને એવું હતું કે કોઈ મારી વાત નહીં સાંભળે અને મને હાંકી કાઢસે પણ બન્યું એથી ઉલ્ટું. પંડિતજીએ દાખવેલી નમ્રતા અને ધીરજથી પેલાની બોલતી જ બંધ થઈ ગઈ એને એમ હતું કે માલવીયાજી પણ સામે ગુસ્સો કરશે. આથી તે રોવા લાગ્યો અને પંડિતજીએ એને શાંત પાડી ગુસ્સામાં તથા રોવાનું કારણ પૂછ્યું. હવે નાવિકને નુકશાનના પૈસા લેવાનું કહેવા માટે પણ શરમ આવવા લાગી. છેવટે નાવિકની નૌકાના નુકશાનના પૈસા ભરપાઈ કર્યા, પોતાના વિદ્યાલયના વિદ્યાર્થીઓ વતી તેની ક્ષમા માગી.

પોતાની સાથે ઝઘડો કરવા આવેલ વ્યક્તિ ગાળોના બદલામાં વંદન કરીને શાંત કરી દઈને સદાને માટે જીતી લીધી.

# કૌભાંડીઓની કરમકથાના ઓછાયા અભડાવે છે

**તંત્રીસ્થાનેથી...**

નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ વડોદરાની સયાજી હોસ્પિટલની સરપ્રાઈઝ વિઝિટ ટાણે સ્થાનિક ડાયમંડ કંપનીના ભાગીદારો ભટનાગર બંધુઓ દ્વારા થયેલ બેંક કૌભાંડની પરંપરા સંદર્ભે કરેલ ખુલાસો ભલે ઔપચારિક લાગે પરંતુ એની મોડસ ઑપરેન્ડીમાં સરકાર કરતાં બેન્કોના કૌભાંડધર્મી કર્મચારીઓની જ સવિશેષ સાંઠગાંઠ હોય છે એટલું તો જરૂર પલ્લે પડે છે. નીતિન પટેલે નિખાલસભાવે કબૂલ્યું છે કે કૌભાંડકારી સત્તાધારી પક્ષ સાથે સંબંધો ધરાવતા હોય એમાં પાર્ટી ઝાઝું કંઈ કરી શકે નહીં, સિવાય કે આવા લોકો સામે તટસ્થ તપાસ કરાવી એમને ચાઉં કરેલી રકમ ભરપાઈ કરાવવાના પ્રયાસ. જયારે પાર્ટી સાથે જોડાયા હોય છે ત્યારે એ ‘સારા’ માણસો હોય છે. અમે કોઈ ભવિષ્યવેતા નથી કે એ આગળ જતાં ‘ખોટા’ બની જશે એનો અણસાર પામી શકીએ. ભટનાગર બંધુઓ ૨૬૦૦ કરોડથી વધુ રકમનો ભ્રષ્ટાચાર કરી સીબીઆઈ તપાસમાં ઝડપાઈ જાય એ પહેલાં દેશ છોડી ગયા છે. સરકાર એમને પકડી લાવવા ગમે તેટલાં હવાતિયાં મારશે તો પણ આંતરરાષ્ટ્રીય કાનૂન અન્વયે વિજય માલ્યા, લલિત મોદી કે નીરવ મોદી અને મેહુલ ચોકસીની જેમ વડોદરાના આ બિન ગુજરાતી લૂંટારાઓને પકડી લાવી શકશે કે કે તે પ્રશ્ન જ છે. બહુ બહુ તો એમની મિલકતોને ટાંચમાં લઈ હરાજી કરી શકાશે. આવા કૌભાંડકારીઓની અચલ સંપત્તિનો મોટો હિસ્સો તો વિદેશોમાં જ હોય છે. વળી આબરૂના ધજાગરા થાય એની તો એમને કયારેય ચિંતા જ નથી હોતી. બેન્કો પાસેથી એમના ગજા બહારની લોનો મેળવવામાં એમને સત્તાધારી રાજકારણીઓ સાથેનો ઘરોબો ખૂબ જ અગત્યનો પુરવાર થતો હોય છે. બેન્કો એમને અઢળખ નાણાં ધીરે છે, વળી સમયસર ભરી શકે એમ ન હોય ત્યારે અમુક ટકા જેટલી રકમ ભરાવી બાકીની માંડવાળ કરી દે છે. આ પ્રક્રિયા ફકત બેન્ક અને ડિફોલ્ટર વચ્ચે થતી હોય છે. એનો ભાગ્યે જ જાહેરમાં ઊહાપોહ થતો હોય છે. નાયબ મુખ્યમંત્રીને નામ પાડ્યા વગર કહ્યું છે કે આવા લોકોની કોઈ જન્મકુંડળી એમની પાસે નથી હોતી. તેઓ જયારે પાર્ટી સાથે જોડાતા હોય છે કે એને ફંડ આપતા હોય છે ત્યારે પાર્ટીના આગેવાનોને કલ્પના પણ નથી હોતી કે પોતાના વગ અને ગુડવિલનો લાભ લઈ ભવિષ્યમાં આ જ માણસો અઢળક નાણાં લઈ દેશ બહાર ફરાર થઈ જશે. સ્વાભાવિક છે કે કોઈ પણ પ્રસ્થાપિત રાજકીય નેતાને કે રાજકીય પક્ષને આવાં તત્ત્વો સાથે જોડાયેલા હોવાનું જાહેર થાય તે ન જ ગમે. પરંતુ આજકાલ તો દરેક પક્ષ સાથે આવાં કૌભાંડી તત્ત્વોની જ સાંઠગાંઠ જોવા મળે છે. ઘોડા નાસી ગયા પછી તબેલાને તાળાં મારવાનું નાટક ચાલતું રહે છે. બેન્કોના કૌભાંડી અધિકારીઓ પર દોષનો ટોપલો ઢોળી રાજકારણીઓ કોરા નીકળી જવાની કોશિષ કરતા રહે છે અને કૌભાંડોની આ પરંપરા વણથંભી ચાલ્યા કરે છે. દેશને લૂંટી જનારા વિદેશોમાં મોજ કરે છે. સરકાર એમનો વાળ વાંકો નથી કરી શકતી, હા, ખાતર ઉપર દીવેલની જેમ એમની પાછળ સીબીઆઈ સહિતની તપાસ મૂકી દેશમાં અઢળક નાણાંનો વધારાનો વ્યય જરૂર કરે છે !

# કોમન જનરલ ડેવલોપમેન્ટ કન્ટ્રોલ રેગ્યુલેશન એકટ - ૨૦૧૮



**કાયદો અને કાનૂન**
અશ્વિન ત્રિવેદી

રાજયના શહેરી વિસ્તારમાં જવો જીડીસીઆર ૩૧/૩/૨૦૧૮ થી અમલમાં મુકાશે જેમાં રેરામાં સમાયેલ નિયમોને હળવા કરી નવા જીડીસીઆરમાં સુધારા કરવામાં આવ્યા છે જે મુજબ નવા સુધારાથી શહેરોનો સુવ્યવસ્થિત વિકાસ થશે તથા આડેધડ અણઘડત નિયમો વિરૂધ્ધ બાંધકામ અટકાયત થશે નવા નિયમોથી નાના જમીન માલીકોને લાભ મળશે ચાલુ બાંધકામમાં અડચણ ઉભી ના થાય તે માટે જે નિયમો મુજબ મંજુરી મેળવી હોય તે નિયમો મુજબ બાંધકામ ડેવલોપમેન્ટ કે જમીન માલીક ચાલુ રાખી શકશે તથા નવા સુધારા મુજબ જો લાભ મળવા પાત્ર હોય અને એફએસઆઈમાં તથા રોડ રસ્તામાં માર્જીનની જમીનમાં છુટછાટ મળતી હોય તો રીવાઈઝડ પ્લાન પાસ કરાવી આવા લાભો ડેવલોપર્સ મેળવી શકશે.

ક્ષેત્રફળમાં નાના મકાનોને લાભ મળે તથા તેમાં વેગ આવે તે માટ રહેણાંક હેતુ એફોંડેબલ હાઉસીંગ સ્કીમના નિયમોને હળવા બનાવવામાં આવ્યા છે. જેમાં લંબાઈ, પહોળાઈ ગુણોત્તરને રદ કરતા ચોરસ ટુકડામાં પણ બાંધકામ પરવાનગી મેળવી શકશે જેથી ગામડામાં ઉંડાઈ ધરાવતા બાંધકામવાળા પ્લોટની જગ્યાએ સમ ચોરસ પ્લોટનું નવું ચલણ શરૂ થશે.

નાના પ્લોટોમાં ૬૦ ચો.મી. સુધી ૩ મીટર અને ૧૦૦ ચો.મી. સુધી હોય તો તે માટે ૪ મીટર કન્ટેજ હોય તો પણ હવે મકાન બનાવવા માટે પરવાનગી આપવામાં આવશે જેનાથી બાંધકામ ક્ષેત્રે વેગ મળશે અને તેજી આવશે નાના ઘર ખરીદનારને સસતા ભાવે મકાન ઉપલબ્ધ થશે.

અમદાવાદ, સુરત, ભાવનગર, વડોદરા, રાજકોટ, જામનગર, જૂનાગઢ અને ગાંધીનગર મહાનગર પાલિકા વિસ્તારમાં આ યોજનાઓના સુધારા લાગુ પડશે જેથી મહાનગર પાલિકામાં સમાવિષ્ટ ગામોનો ઝડપી વિકાસ થશે સ્વંત્ર સત્તા મંડળની હદ સીવાયમાં ૨૫ મીટર કન્ટેઝની જગ્યાએ ૧૨ મીટર કન્ટેઝવાળા પ્લોટમાં પણ બાંધકામ પરવાનગી મહાનગર પાલિકા દ્વારા આપવામાં આવશે જેનો અમલ ૩૧/૩/૨૦૧૮ થી શરૂ કરવામાં આવ્યો છે.

ગામ તળની જમીનમાં બાંધકામ માટે માર્જીનની જગ્યા રાખવાની જોગવાઈ હવે તથા જીડીસીઆરમાં રદ કરવામાં આવતા ૨૫ ટકા ખુલ્લી જમીન છોડ ૭૫ ટકા વિસ્તારમાં ડેવલોપર્સ બાંધકામ કરી શકશે તથા લંબાઈ, પહોળાઈ, આંતરિક રસ્તાઓના લેઆઉટ અસ્પષ્ટતા રદ કરવામાં આવેલ છે તેમજ રો હાઉસ ટેનામેન્ટ તથા ઈન્ડસ્ટીયલ પ્લોટો માટે નવા જીડીસીઆરના નિયમો લાગુ પાડવામાં આવશે.

ભૂકંપ વિસ્તારમાં પણ ૧૧ મીટર સુધી ઉંચા બાંધકામ કરવાની પરવાનગી નવા જીડીસીઆરમાં આપવામાં આવેલ છે જેથી કચ્છ, રાપર, ભચાઉ, અંજાર જેવા વિસ્તારનો વિકાસ ઝડપથી થશે.

વધુમાં ૧૨ મીટરના અને તેનાથી નાના રસ્તાઓ ઉપર સેટઅપ મુકી વાણિજય ઉપયોગને પરવાનગી આપવામાં આવતા હેતુફેરના કેસોનો નિકાલ થશે તથા શરતભંગ તથા ઈમ્પેકટ ફી ના મામલાઓનો નિવેડો આવશે.

શહેરોમાં ૨.૮ મીટરના બદલે ૪.૫ મીટર મીકેનાઈઝડ પાર્કિંગ ઉભા કરવાની જોગવાઈ રાખવામાં આવતા પાર્કિંગના પ્રશ્નો તથા ટ્રાફિકની સમસ્યા હળવી બનશે ગીચતા દૂર થશે.

મોટા કોર્મશીયલ કોમ્પલેક્ષના બાંધકામમાં ટેક્ષટાઈલ માર્કેટ તથા મોલમાં લોડીંગ અનલોડીંગની સવલત વાળા ભોયરામાં પાર્કિંગ પ્લેસ રાખવામાંની મંજુરી આપવામાં આવતા ટ્રાફિક સમસ્યાનો પાર્કિંગ પ્રશ્નોનો નિકાલ થશે પરિણામે વેપારી વર્ગ રાહત અનુભવશે.

૨૫ ચોરસ મીટર સુધીના પ્લોટમાં ચારે બાજુ માર્જીન મુકવામાંથી મુક્તી આપવામાં આવેલ છે તથા ૩૦૦ ચો.મી. ના પ્લોટમાં અગ્રભાગમાં પાર્કિંગ તથા ૨ મીટર સુધી માર્જીન રાખવાની છુટ આપવામાં આવેલ છે.

રેસીડેન્સીયલ એફોંડેબલ હાઉસીંગ યોજનામાં સ્ટેટ કેસ, પેસેજ અને કોરીડોરને એફએસઆઈમાંથી બાદ આપવાની જોગવાઈ કરી કોમન પ્લોટની જોગવાઈ ૮ ટકાના બદલે ૧૦ ટકા કરવામાં આવેલ છે તથા નાના ૧૦૦ મીટરના પ્લોટમાં ૧ મીટરની પહોળાઈવાળી સીડી રાખવાની જોગવાઈ કરેલ છે તથા નાના પ્લોટમાં આંતરીક રસ્તામાં માર્જીન રાખવમાંથી મુકતી મળતા નાના પ્લોટ હોલ્ડર વધારે બાંધકામનો લાભ મેળવી શકશે.

રેસીડન્સીયલ યોજનામાં ટોઈલેટમાં સીંગલ ફલશના બદલે ડબલ ફલશની વ્યવસ્થા રાખવાથી પાણીનો વ્યય થતો અટકશે ૧૮ મીટરના રસ્તા ઉપર વાણિજય હેતુસર બાંધકામ કરી શકાશે જેથી નાની દુકાનો બાંધવાની મંજુરી મળતા નાના વેપારીઓને સસ્તાભાવે દુકાનો મેળવી રોજગારી મેળવી શકશે.

પ્લોટના ૬ ટકા જમીનમાં ટ્રી પ્લાન્ટેશન થાય અને ખરેખર વૃક્ષારોપણ થાય તેવા હેતુથી વૃક્ષો વાવવાની પરવાનગી આપવામાં આવતા પર્યાવરણ, સ્વચ્છતા

અનુસંધાન પાના નં ૭ પર

# મૂલ્યોને વફાદાર રહીએ, કારણ કે મૂલ્યો બદલાતાં નથી



**WhatsApp ઓફ ધી વીક**
નેહલ ગઢવી

**હરિ! મને ઝરણ બનાવી ગિરિથી દોડાવ્યો,**
**વળી તમે દરિયો થઈ દીધી દિલે આશ :**
**હવે હું સૂતો કયમ રહું ?**

- મુકુન્દરાય પારાશર્ય

ઈશ્વરે આપણામાં અપાર શક્તિ અને અઢળક કાબેલિયત મૂકી છે અને પછી એમ જ આપણાથી આપણું જીવન વ્યર્થ કઈ રીતે કરી શકાય ? ઈશ્વરે રચેલી સુંદર સૃષ્ટિનું સર્વોત્તમ સર્જન એટલે મનુષ્ય, આપણે ! અને આપણે જ જો આ સર્વોત્તમ સર્જનનું યોગ્ય જનત અને યોગ્ય વિસ્તાર ન કરી શકીએ તો જીવન વ્યર્થ ગણાય. નારાયણ દેસાઈ લિખીત એક વાત આપણને આપણું જ મહત્ત્વ શું છે તે સમજાવી જશે.

મૂળ જર્મનીથી આવેલા પાદરી ફાધર કુન્તસે બ્રાઝિલના સાઓ પાઓલા શહેરના એક ઝૂંપડપટ્ટીમાં સ્વેચ્છાએ નિવાસ સ્વીકાર્યો હતો. એક વાર દેશના ઉત્તર પશ્ચિમ ભાગમાં ભયંકર દુકાળ પડ્યો ને લોકો ગામડાંમાંથી ઉચાળા ભરીને શહેર તરફ આવવા માંડ્યા, ત્યારે શહેરના લોકોએ છાપાંને પત્રો લખીને કહ્યું કે શહેરની અનાજની દુકાનો લૂંટાવાનો ભય ઊભો થયો હતો, એટલે દુકાનદારોને બંદૂરના પરવાના આપવા જોઈએ. ભૂખે મરતા લોકોના આ પ્રકારના સ્વાગતની વાત વાંચી ફાદર કુન્ત્સના હૃદયમાં પીડા થઈ તે તેમને ઉત્તર - પશ્ચિમમાં લઈ ગઈ. ત્યાંના કસ્બાના મુખ્ય દેવળમાં જઈને તેમને જાહેર કર્યું કે પોતે ૨૧ દિવસના ઉપવાસ પર ઊતરે છે. શરુઆતમાં તો લોકોએ એમની હાંસી કરી : ‘ઉપવાસ કરવાથી ભૂખમરો ઓછો જ મટવાનો છે ?’ પણ ફાદર કુન્ત્સને તો ખૂંચતી હતી નગરજનોની હૃદયશૂન્યતા. તેમને ચૂપચાપ ઉપવાસ ચાલુ રાખ્યા. બે દિવસ, ત્રણ દિવસ, ચાર દિવસ. લોકો વિચારવા લાગ્યા : ‘આ દક્ષિણનો માણસ. એ આપણી ખાતર કષ્ટ વેઠે છે ?’ કોઈ કોઈએ આવીને પૂછ્યું, ‘અમે શું કરી શકીએ ? અમે તમારી જોડે ઉપવાસ પર બેસીએ ?’ ફાદરે કહ્યું : ‘ભૂખે મરતા લોકોની પીડ જેમને ખરેખર પિછાણી હોય તેઓ એક કામ કરે. પોતપોતાના ઘર બહાર એક પાટિયું મૂકી તેની ઉપર આટલું લખી દે : ‘આ ઘર સૌને સારું ખુલ્લું છે. અમારી પાસે જે કાંઈ ખાવાનું હશે તે અમે તમારી સાથે વહેંચીને ખાશું. રોટલામાંથી બટકું બટકું. ને એય નહીં હોય તો સાથે બેસીને ભગવાનની પ્રાર્થના કરીશું.’ હવે એક પછી એક ઘરની આગળ ‘ખુલ્લા ઘર’નાં પાટિયાં મુકાવા લાગ્યાં. ૨૧ દિવસને અંતે તો શહેરનાં હજારો ઘરો સામે એવાં પાટિયાં મુકાઈ ગયાં ને બંદૂકના પરવાના માગતું શહેર ભૂખ્યા લોકો સારું ઘર ખુલ્લાં મૂકતું થઈ ગયું.’

પ્રામાણિકતા અને તનતોડ પરિશ્રમમાં સનાતન ભારતીય મૂલ્યોની સાથે આધુનિક યંત્રવિદ્યાનો વિરલ સમન્વય કરનાર ભારતના, એક આગેવાન ઉદ્યોગપતિ શાન્તનુ લ. કિરલોસ્કરે જુવાનીમાં અમેરિકા જઈ વિખ્યાત એમ.આઈ.ટી. સંસ્થામાં ઈજનેરીનો અભ્યાસ કરેલો. મહારાષ્ટ્રમાં પિતાના નાનકડા કારખાનામાં એ ૧૯૨૬માં જોડાયા અને અવિરત પુરુષાર્થને પ્રતાપે દેશભરમાં સન્માનિત ઉદ્યોગપતિ બન્યા. એકાણું વરસની વયે, ૧૯૯૪માં એમનું અવસાન થયું. ત્યારે કિરલોસ્કર જૂથના ઉદ્યોગો તરફથી કેટલાંક દૈનિક છાપામાં અરધાં પાના ભરીને જાહેરાતો આપવામાં આવેલી, તેમાં કિરલોસ્કર દાદાનો નીચેને સંદેશો રજૂ થયેલો :

મને ખબર છે કે તમને તો એક ફક્કડ બહાનું મળી જવાનું - પણ જોજો હો ! મારું મરણ થાય ને હું અહીં આંટો મારવા ન આવ્યો હોઉં, એટલા ખાતર તે દિવસે કામ બંધ રાખતા નહીં.

અને હા, ગમગીન ચહેરાઓ લઈ લઈને ફરશો નહિ ને લાંબાંલચ ભાષણો કરતા નહિ - હું તો એવું એકાદુંય ભાષણ સાંભળવા જેટલું બેસી શકું જ નહિ. એના કરતાં તો, અહં, તમે મને એકાદું મોટું કોમ્પ્રેસર કે ડીઝલ એન્જિન ન બનાવી આપોને ! અમેરિકા કે ફ્રાંસથી કોઈ મોટો નિકાસ - ઓર્ડર મેળવી લાવો ને ! એક સાવ નવા, ક્રાંતિકારી સુપર કમ્પ્યૂટરની રચના કરી આપો ને !

તમને ઠીક પડે તે કરો - તમે દરજી હો, તો ગામના તમારા લત્તામાં સારામાં સારું પેન્ટ સીવનારા તમે હો એવું હું ઈચ્છું; અથવા હોટલના વેઈટર હો, તો એવી અફલાતૂન સર્વિસ આપો કે તમારે ત્યાં ઘસારોની ભીડ જામ્યા કરે.

તમારે મને અંજલિ આપવી છે ને ? ખુદાને ખાતર મારું કોઈ બાવલું બનાવતા નહિ. બસ, સરસ કામ કરતા રહો. આજે ને હરહંમેશ. એમ કરતાં કરતાં આપણે એક સરસ મજાનો મુલક ઊભો કરી દઈશું.

વફાદારી તો એક રોગચાળો છે. હમણાંનાં વરસોમાં ભારતમાં એ બહુ ફેલાયો છે. લોકો જયારે મને વફાદાર રહેવાની વાત કરે ત્યારે હું કહેતો હોઉં છું કે, મારે તો તમારી કે બીજા કોઈનીયે વફાદારી જોઈતી નથી - મારાં પોતરાંઓની પણ નહિ, કાલ સવારે હું ભ્રષ્ટાચારી બની ગયો, તો શું તમે મને વફાદાર રહેવાના ? હું મરી જઈશ ત્યારે શું કરશો ? તમારી વફાદારી કયાંક બીજે લઈ જશો ? જેની કિંમત હોય એવી એકમાત્ર વફાદારી તો છે મૂલ્યો માટેની વફાદારી. કારણ, ફિલસૂફો ભલે ચાહે તે કહે પણ, અચુક મૂલ્યો કદી પણ બદલાતાં નથી. જેમ કે - ઉત્તમતા અથવા બુદ્ધિની ખડતલતા, ગતિશીલતા, ઈમાનદારી, કલ્પના શક્તિ કે વિનોદવૃત્તિ.

- શાન્તનુ લ. કિરલોસ્કર

**Last Seen :**

**દીઠી એક મેં અલબેલી !**
**કાપતી માઝાર સાગરપાણી લાખ મોજાંની હાર,**
**સઢ ફુલાવી નાચતી નૈયા જોબનની મઝધાર,**
**હતી કોઈ સોણલાંઘેલી :**
**દીઠી એક મેં અલબેલી !**

- વેણીભાઈ પુરોહિત

- nehalgadhavi101@gmail.com

# કડક લાગતાં આનંદીબહેનનો ગુજરાતને અનુભવાતો ખાલીપો



**અતિતની આજ**
ડૉ. હરિ દેસાઈ

દોઢેક દાયકા પહેલાં ગુજરાતનાં પ્રધાન આનંદીબહેન પટેલનો ટીવી શ્રેણી ‘સંવાદ’માં ઈન્ટરવ્યૂ કરવાનો આવ્યો હતો. એમની બાહોશી, એકલવીર કૉલેજકન્યા તરીકેના શિક્ષણ અને સગ્ગા મોટા ભાઈના ૧૭ વર્ષના દીકરાનાં બાળલગ્ન રોકવા પોલીસ બોલાવવાથી લઈને નર્મદાના પ્રવાસ દરમિયાન નદીમાં તણાતી પોતાની વિદ્યાર્થીનીઓને બચાવ્યાની વાતો થઈ હતી. એ ઘટના એમના ભારતીય જનતા પક્ષમાં પ્રવેશનું નિમિત્ત બની હતી. એ પછી તો એ મહિલા મોરચાનાં પ્રમુખ બન્યાં, ધારાસભ્ય અને રાજ્યસભાનાં સભ્ય બન્યાં. ગુજરાત સરકારમાં ભાજપની સત્તા આવી ત્યારથી પ્રધાન પણ રહ્યાં અને રાજ્યનાં પ્રથમ મહિલા મુખ્ય પ્રધાન ય બન્યાં. પાટીદાર આંદોલનના પ્રતાપે આનંદીબહેન પટેલની ખુરશી ગઈ એમ કહેવું એના કરતાં એ પ્રકારનું આયોજન પક્ષમાંના જ એમના વિરોધીઓએ કર્યું હોવાની વાત કહેવી સત્યથી વધુ નજીક ગણાશે.

- **મહત્ત્વાકાંક્ષી નિષ્ઠાવંતોને સાચવવાની નરેન્દ્ર મોદી કને ગજબની કુનેહ હોવાનું અનુભવાય છે**
- **ગાંધીવાદી પરિવારમાં જન્મને લીધે બહેનની વિપરીત સંજોગોમાં પણ ઝીંક ઝીલવાની આગવી તરાહ**
- **પુત્ર સંજય અને પુત્રી અનારના ઉછેરની સાથે જ આનંદીબહેનનો ભણતર-અધ્યાપન વચ્ચેનો સુમેળ**
- **વડા પ્રધાન મોદીએ નોંધ્યું: સખત પરિશ્રમ અને ખંત, એમની માનવંતી સિદ્ધિના પાયામાં ગણાય**

રાજકારણ અને પ્રેમમાં બધું જ જાયજ હોય છે. આનંદીબહેન મૂળે ગાંધીવાદી પરિવારમાં જન્મ્યાં, ઊછર્યાં અને કૉંગ્રેસ સેવાદળમાં તૈયાર થયાં એટલે વિપરીત સંજોગોમાં પણ ઝીંક ઝીલવાની એમની આગવી તરાહ રહી. પારિવારિક કે રાજકીય વિકટ સંજોગોમાં પણ બળૂકાં રહીને ધ્યેયને હાંસલ કરવામાં કૃતસંકલ્પ આનંદીબહેન ખરા અર્થમાં નોખું વ્યક્તિત્વ.

મુખ્ય પ્રધાનપદેથી એમણે એવા તબક્કે જવું પડ્યું હતું, જ્યારે ભાજપનો સૂરજ સોળે કળાએ તપતો હતો. આનંદીબહેનથી ઉંમરમાં નાના છતાં એમના ‘રાજકીય ગુરુ’ એવા નરેન્દ્ર મોદી વડા પ્રધાનપદે હતા. ગુજરાતની બહાર જવાની આનંદીબહેનની તૈયારી નહીં હોવાનું સ્પષ્ટ હતું. મોદીનિષ્ઠ આનંદીબહેન અને અમિત શાહ વચ્ચેની અંટસની ચર્ચા હતી. ગુજરાતની ગાદી પર અમિતભાઈની સ્વાભાવિક નજર હોય. જોકે આનંદીબહેનની લાગણી પોતાના અનુગામી તરીકે નીતિન પટેલને મૂકાવવાની હતી. મહેસાણામાં નીતિનભાઈના નામના ફટાકડા પણ ફૂટી ગયા હતા. નામ જાહેર થયું ત્યારે એ હતું રાજકોટના વિજય રૂપાણીનું. નીતિનભાઈ નાયબ મુખ્ય પ્રધાન બન્યા. આનંદીબહેન વિધાનસભાની ચૂંટણી લગી શાંત રહ્યાં.



ડિસેમ્બર ૨૦૧૭માં ચૂંટણી યોજાઈ. બે દાયકાથી સત્તારૂઢ ભાજપ વિરુદ્ધ કૉંગ્રેસ ઘણા વર્ષે ખાસ્સી મજબૂત થઈ વિધાનસભે પહોંચી. નવી સરકારમાં પણ વિજયભાઈ-નીતિનભાઈની જોડી અખંડ રહી. એકાએક આનંદીબહેન મધ્ય પ્રદેશનાં રાજ્યપાલ જાહેર થયાં. એ પહેલાં ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ રાજ્યસભે પહોંચ્યા હતા. ગુજરાતની ગાદીએ વિજયભાઈ અને નીતિનભાઈ મોકળાશથી રાજ કરે એવો માહોલ રચાયો. જોકે નાણાં ખાતું મેળવવા નીતિનભાઈએ રીતસર ત્રાગું કર્યું. અંબાણી પરિવારના જમાઈ સૌરભ દલાલ-પટેલ કનેથી નાણા ખાતું પાછું લઈને એ નીતિનભાઈને સોંપવાનું મોવડી મંડળને યોગ્ય લાગ્યું. અસંતુષ્ટો બોલકા થયા. દંડૂકા અને વિસ્તરણના ગાજરથી મનાવાયા.આવતા દિવસોમાં પ્રધાનમંડળના વિસ્તરણની ચર્ચાઓ ચાલી રહી છે.

ગુજરાતીમાં કહેવત છે : બાંધી મુઠ્ઠી લાખની. પોતાના મહત્ત્વાકાંક્ષી નિષ્ઠાવંતોને સાચવવાની વડા પ્રધાન નરેન્દ્ર મોદી કને ગજબની કુનેહ છે. પોતાને ક્યારેક ‘ચાણક્ય’ તરીકે ઓળખાવનારા મોદી આજે ‘ચાણક્ય’ અને ‘ચંદ્રગુપ્ત’ બેઉ થઈને દેશ અને દુનિયામાં છવાયેલા છે. ગુજરાતની ગાદીએથી દિલ્હી જવાના હતા ત્યારે એમના અનુગામી તરીકે બીજા ઘણા વરિષ્ઠ નેતા હોવા છતાં પસંદગી આનંદીબહેન અને અમિતભાઈ વચ્ચે કરવાની હતી. એમણે આનંદીબહેન પર પસંદગીનો કળશ ઢોળ્યો. અમિતભાઈને પોતાના ‘હનુમાન’ તરીકે પક્ષના રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકે તખ્તનશીન કર્યા.

જોકે ગુજરાતમાં લોકપ્રિય મુખ્ય પ્રધાન તરીકે આનંદીબહેનની સરકાર ધમધોકાર ચાલતી રહી હતી છતાં અમિતભાઈને ગુજરાત માટે લગાવ હોય એ સ્વાભાવિક હતું. મોદીને બૅલેન્સિંગ ઍક્ટની ફાવટ ખરી. છેવટે પહેલી વાર ચૂંટાઈને આનંદીબહેન સરકારમાં પ્રધાન બનેલા, મૂળે સંગઠનના માણસ અને સર્વમિત્રની છબિ ધરાવનાર, વિજયભાઈ રૂપાણી મુખ્ય પ્રધાન બન્યા.એ પછી બહેન માટે તો જાહેર કાર્યક્રમોમાં શોભામાં અભિવૃદ્ધિ કરવાની જ ભૂમિકા રહી. રાજકારણમાં બધા દિવસ કોઈના સરખા હોતા નથી.જોકે વિજયભાઈ તરફથી બહેનનું માન જાળવવામાં ભાગ્યેજ કોઈ કચાશ રખાઈ હશે. કૉંગ્રેસના અહેમદ પટેલને પરાસ્ત કરીને ઑગસ્ટ ૨૦૧૭માં અમિતભાઈ ઉપરાંત સ્મૃતિ ઈરાની અને કૉંગ્રેસની વાડ ઠેકી ગયેલા બળવંતસિંહ રાજપૂતને રાજ્યસભા પ્રવેશ કરાવવામાં વિપક્ષના નેતા શંકરસિંહ વાઘેલાએ ખાસ્સો ટેકો કર્યો, પણ અહેમદભાઈના દિલ્હી-સંપર્કોએ અમિતભાઈના વ્યૂહને કામયાબ ના થવા દીધો. એ પછીના તબક્કામાં વિધાનસભાની ચૂંટણી જીતાડવા વડા પ્રધાન મોદીએ પણ ખાસ્સો પરિશ્રમ કરવો પડ્યો. ચૂંટણી પછી આનંદીબહેનની વ્યૂહાત્મક જરૂર ભોપાલના રાજભવનમાં ઊભી થઈ. એમણે એ જવાબદારી સ્વીકારી પણ લીધી. રાજ્યપાલ બન્યા પછી એમના વિશેના એક ગ્રંથ ‘આનંદીબહેન પટેલઃ કર્મયાત્રી’ના લોકાર્પણ માટે ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ-સાંસદ અમિત શાહ અને મધ્ય પ્રદેશનાં રાજ્યપાલ આનંદીબહેન પટેલનું એક મંચ પર આવવું એ ઐતિહાસિક ઘટના લેખાઈ. અંગ્રેજીમાં એક કહેવત છેઃ ‘ર્‌ે જષ્ઠર્દ્બિંષ્ઠર દ્બઅ હ્વટ્ઠષ્ઠા, જષ્ઠર્દ્બિંષ્ઠર એંહ્વટ્ઠષ્ઠા’ ગુજરાતમાં એ કહેવત જરા નોખો ભાવ સર્જે એવી છે : ‘સાપને ઘેર પરોણો સાપ, મુખ ચાટી ચાલ્યા ઘેર આપ’. અમિતભાઈ અને આનંદીબહેને એકમેક માટે “અહો રુપમ્ અહો ધ્વનિ”નાં દર્શન કરાવ્યાં. બેઉ વચ્ચે કોઈ કડવાશ નહીં હોવાની જાણે કે સૌને પ્રતીતિ કરાવવામાં આવી. રાજકારણમાં ‘મુખવટા’નો પ્રયોગ ખૂબ સહજભાવે થાય છે.

આનંદીબહેન પરના ગ્રંથના લોકાર્પણની ચર્ચા ખૂબ થઈ, પણ અમને ઉત્સુકતા એના લેખક વિશે જાણવાની હતી, કારણ એના લેખકનું નામ ક્યાંય ભૂલથી પણ વાંચવા મળ્યું નહોતું. બહેનના જમાઈ જયેશ ઈશ્વરભાઈ પટેલ સાથે સહજ વાત થઈ તો એમણે ગ્રંથ પાઠવ્યો. જાણ્યું કે આ પુસ્તકના લેખક અમેય લાટુકર છે. અમેરિકાની કોરનાલ યુનિવર્સિટીમાંથી માસ્ટર ઑફ પબ્લિક ઍડમિનિસ્ટ્રેશન (ઍમપીએ) કરનાર અમેય ગુજરાત સરકારના મુખ્ય પ્રધાનના ફેલો રહ્યા છે. આ વ્યવસ્થા મોદી યુગથી શરૂ કરાયેલી. ગ્રંથના ગુજરાતીમાં અને એનાં ઉચ્ચારણોમાં મરાઠી છાંટ જોવા મળે છે. પુણેના અમેય પ્રકાશન થકી પ્રકાશિત આ ગ્રંથમાં ૧૯૪૧માં વિજાપુરના ખરોડમાં જન્મેલાં આનંદીબહેનની ૨૦૧૮માં મધ્ય પ્રદેશના રાજ્યપાલપદે નિયુક્તિ લગીની પ્રેરક જીવનયાત્રાનો સમાવેશ છે.

અહીં આનંદીબહેનના પુત્ર સંજય અને પુત્રી અનારના ઉછેરની સાથે જ ભણતર અને અધ્યાપન વચ્ચેનો સુમેળ શબ્દાંકિત કરાયો છે. કેટલાંક નવાં-અજાણ્યાં પાસાં પણ એમાંથી જાણવા મળ્યાં. દા.ત. આનંદીબહેન માત્ર એક વર્ષનાં હતાં ત્યારે એક વાર તે પોતાના ખેતરના

અનુસંધાન પાના નં ૭ પર